


# યથાર્થ ગુરુવંદન અને સાચાં ગુરુદર્શન !

**ભારતીય** ઋતુ વ્યવસ્થામાં વૈશાખ અને જેઠ માસમાં સૂર્યદેવ સોળે કળાએ ખીલીને ભારતની ધરતી પર પોતાનાં તેજ, ઊર્જા અને ઉષ્માના તીવ્ર અનુભવ કરાવે છે. સાથે સાથે આ બંને માસમાં અનેક દિવ્ય ઉત્સવો અને સ્મૃતિપર્વો પણ ઉજવાય છે. આ વર્ષે ૧૨મી મે–વૈશાખ સુદ પૂનમે શ્રી બુદ્ધ જયંતી છે, વૈશાખ વદ પાંચમે અનાદિ મહામુક્ત શ્રી ગોપાળાનંદ સ્વામીનો નિર્વાણદિન છે. વૈશાખ વદની અપરા એકાદશી–૨૩ મેના રોજ બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય હરિપ્રસાદ સ્વામીજીની જન્મજયંતી, વૈશાખ વદ બારશ ૨૪ મેના રોજ બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ પરમ પૂજ્ય યોગીજી મહારાજની જન્મજયંતી, ૨૮મી મેના રોજ બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય પપ્પાજીના મહાનિર્વાણનો શાશ્વત સ્મૃતિદિન, ૧લી જૂનના રોજ ગુણાતીત સમાજની સ્થાપના તથા પરમ પૂજ્ય પપ્પાજી મહારાજનો સ્વરૂપાનુભૂતિ દિન, જેઠ સુદ–દશમે પાંચમી જૂનના રોજ શ્રી સ્વામિનારાયણ ભગવાનના સ્વધામગમનનો શાશ્વત સ્મૃતિદિન, ૧૨મી જૂનના રોજ બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય કાકાજી મહારાજનો પ્રાગટ્યદિન અને માણાવદર સ્થિત શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિરજીના પાટોત્સવ મહાપર્વ સહિત વૈશાખ અને જેઠ માસમાં અનેક વ્રત–ઉત્સવો ઉજવાશે. આ સર્વ ઉત્સવ–પર્વે સૌ દિવ્ય ભગવદ્ સ્વરૂપોનાં શ્રીચરણે હૃદયના ભાવથી વંદન સાથે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ ધરીએ છીએ, અને તેઓની કૃપાશિષની યાચના કરીએ છીએ.

આ વર્ષે વૈશાખ સુદ ચતુર્થી જે બ્રહ્મસ્વરૂપ શ્રી શાસ્ત્રીજી મહારાજના મહાનિર્વાણની શાશ્વત સ્મૃતિતિથિ હતી, તે જ દિવસે ૧લી મેના રોજ નવી મુંબઈના ખારઘર સ્થિત અનુપમ મિશનના ઉપાસના ધામમાં પ્રગટ શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિરજીમાં બિરાજમાન શ્રી મુક્ત અક્ષરપુરુષોત્તમ મહારાજ, સર્વ દેવતાઓ તથા ગુણાતીત સંત સ્વરૂપોની દિવ્ય મૂર્તિઓનો ૧૮મો પાટોત્સવ પણ અત્યંત ભક્તિભાવ સહિત ઉજવાયો. આ પાટોત્સવ મહાપર્વની ઉજવણી દરમિયાન સદ્‌ગુરુ પરમ પૂજ્ય અશ્વિનદાદાના પ્રત્યક્ષ સાંનિધ્યમાં સૌ સંતો અને ભક્તોને સ્વયં પ્રગટ ગુરુહરિ સંતભગવંત સાહેબજીની દિવ્ય ઉપસ્થિતિ તથા આશીર્વાદના અનુભવ થયા. 'બ્રહ્મનિર્ઝર'નો આ અંક આપની અમીનજર હેઠળ હશે ત્યારે સુરત સ્થિત અનુપમ મિશનના ઉપાસના ધામમાં પ્રગટ મંદિરજીમાં બિરાજમાન શ્રી મુક્ત અક્ષરપુરુષોત્તમ મહારાજ, સર્વ દેવતાઓ તથા ગુણાતીત સંત સ્વરૂપોની દિવ્ય મૂર્તિઓનો ૧૮મો પાટોત્સવ પણ તેવી જ દિવ્યતાસભર ભક્તિ, સેવા, સત્સંગ અને પરમ આનંદ સાથે ઉજવાયો હશે.



મે માસમાં એક વિશિષ્ટ અને આધ્યાત્મિક ઉત્ક્રાંતિના શુભારંભનો દિવસ પણ આવે છે. આ દિવસ છે ૧૪મી મે ! આજથી ૫૯ વર્ષ પહેલાં – ૧૪મી મે ૧૯૬૬ના મહા મંગલકારી દિવસે વહેલી સવારે બ્રાહ્મમુહૂર્તના સમયે અમદાવાદના શાહીબાગ વિસ્તારમાં સ્થિત શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિરજીના પ્રાંગણમાં બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજે પોતાની નાનકડી ઓરડીમાં ૨૫ વર્ષના યુવાન એવા પોતાના અત્યંત વહાલા શિષ્ય જશભાઈ (સાહેબજી)ને પોતાના પરમ દિવ્ય અમૃતપ્રેમમાં તરબોળ કરી આજ્ઞા રૂપી મંત્રદીક્ષા આપી ! બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ પરમ પૂજ્ય યોગીજી મહારાજે કહ્યું, 'સંસારમાં જશો નહીં, તમોને બધાને સાધુ બનાવવા છે ; પરંતુ, ભગવાં લૂગડાં નથી આપવાં, આનાં આ લૂગડે સાધુ બનાવવા છે. **તમારાં સૌનાં હૃદય ભગવાં કરવાં છે !'**

હજારો વર્ષોના વિશ્વના આધ્યાત્મિક ઇતિહાસમાં ભગવાનના તત્ત્વના ધારક કોઈ ગુણાતીત સાધુએ પોતાના શિષ્યને ભગવા હૃદયના સાધુની દીક્ષા આપી હોય તેવી ઘટનાની જાણ નથી. કેવળ પાંચ વાક્યો બોલી સનાતન ભારતીય આધ્યાત્મિક પરંપરામાં સંન્યાસ આશ્રમનો એક નવો માર્ગ ચીંધી બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજે સાહેબજીને આ માર્ગના જ્યોતિર્ધર બનાવ્યા, એટલું જ નહીં પરંતુ, તે પૂર્વે પત્રમાં લખીને આશીર્વાદ આપી સાહેબજીના દિવ્ય સ્વરૂપનાં પણ સૌને દર્શન કરાવ્યાં. જુલાઈ ૧૯૬૪માં લખેલા એક પત્રમાં બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજે સ્વહસ્તે લખ્યું,



"(હે **જશુભાઈ તમો સ્વામીના લાડીલા છો તો જે ધારશો તે થશે...**)".

બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજના આશીર્વાદનો દરેક શબ્દ એક નહીં, અનેકવાર સાકાર થયો છે. પછી તે નવી મુંબઈ સ્થિત ખારઘરમાં પ્રગટ શ્રી ઠાકોરજી મહારાજના મંદિરજીનું અસંભવ જણાતું નિર્માણ હોય, કે, સુરત સ્થિત શ્રી ઠાકોરજી મહારાજના મંદિરજીના પૂજારી સેવક સાધુ પૂ. કાનજીદાસજીના જીવનનાં અશક્ય જણાતાં દિવ્ય પરિવર્તન હોય. આ અને આવાં અનેક માનવીય શક્તિ અને સમજની દૃષ્ટિએ અસંભવ કાર્યો બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના આશીર્વાદના પ્રતાપે પ્રગટ ગુરુહરિ સંતભગવંત સાહેબજીના સંકલ્પ–પ્રાર્થનાની શક્તિ અને પ્રભુનાં ઐશ્વર્ય–પ્રતાપથી સંભવ થયાં છે. આપણાં સર્વ મંદિરજીનાં પાટોત્સવ મહાપર્વોના વિશેષ પ્રસંગોએ હવે સમય આવ્યો છે કે આજની ઊછરતી પેઢીને બ્રહ્મસ્વરૂપો ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજનાં દિવ્ય કાર્યોની અને પ્રગટ ગુરુહરિ સંતભગવંત સાહેબજી દ્વારા જે અલૌકિક અને અદ્‌ભુત રીતે ગુરુદેવનાં એ દિવ્ય કાર્યો વહેતાં રહ્યાં છે તેના પ્રેરણાદાયી ઇતિહાસની ઝાંખી કરાવીએ અને આ ઝાંખીનાં દર્શન દ્વારા શ્રી સ્વામિનારાયણ ભગવાન, અનાદિ અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી અને શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના વૈજ્ઞાનિક સનાતન આધ્યાત્મિક માર્ગના મહિમાના પણ પરિચય કરાવીએ.

પ્રાર્થના છે : હે પ્રભુ ! હે સર્વ ગુણાતીત સંતસ્વરૂપો ! હે પ્રગટ ગુરુહરિ સંતભગવંત સાહેબદાદા ! શ્રી ગુરુઆજ્ઞા મહિમા પર્વના આ વર્ષે આપની જ કૃપાથી આપના યથાર્થ સ્વરૂપ ઓળખી, આપનો યથાર્થ મહિમા સમજી આપની આજ્ઞાને પ્રામાણિકપણે યથાર્થરૂપે અમારાં જીવનઆચરણ બનાવીએ અને તે દ્વારા જે વંદન અર્પણ કરીએ, આપનાં જે દર્શન કરીએ તે જ યથાર્થ ગુરુવંદન અને સાચાં ગુરુદર્શન ગણાશે. ◆

~સા.શ્રી...

~ **સાધુ મનોજદાસ**